GJRJ270001142026

**વીંછિયાના મ્હે .જ્યુડિશિયલ મેજિસ્ટ્રે ટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટ માં,**

**મુકામ–વીંછિયા.**

ફોજદારી કે સ નંબરઃ–૮૭/૨૦૨૬

આંકઃ–

**શ્રી સરકાર**

(વીંછિયા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબરઃ–૦૪૩૦/૨૦૨૫)

**.......ફરિયાદી**

**વિરૂદ્ધ**

**આરોપી સંજયભાઇ ઉર્ફે સચીનભાઇ ઓધવભાઇ શીયાળ**

જાતે.કોળી, ઉવ.૨૯, ધંધો.મજુરી, રહે. ઓરી વિંછીયા જી.રાજકોટ

**.......આરોપી**

.........................................................................

**ફરિયાદી તરફે વિ.એ.પી.પી.શ્રીમતી કે .એમ.ચૌધરી**

**આરોપી તરફે વિ.વ.શ્રી એસ.એન.રામાનુજ**

.........................................................................

ગુનોઃ–**ભારતીય ન્યાય સંહિતા(બી.એન.એસ.)૨૦૨૩ ની કલમ–૧૦૯(૧) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ...**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા(બી.એન.એસ.એસ.)૨૦૨૩ ની કલમ–૨૩૨ મુજબ કમિટલ હુકમ**

**(૧)** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકિકતો જોતાં આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા **(બી.એન.એસ.)૨૦૨૩ ની કલમ– ૧૦૯(૧) તથા જી.પી.એકટની કલમ–૧૩૫** મુજબના ગુન્હાનું ચાર્જશીટ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા(બી.એન.એસ.એસ.) ૨૦૨૩ ની કલમ–૧૯૩ અન્વયેનું અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

(૨) ચાર્જશીટ દાખલ થતાં આરોપી હાજર થતા તેઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા(બી.એન.એસ.એસ.)૨૦૨૩ ની કલમ-૨૩૦ મુજબ ચાર્જશીટ તથા પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલી અને ત્યારબાદ આરોપીનું નીવેદન નોંધવામાં આવેલ અને તેમાં તેઓએ જણાવેલ કે , તેઓને પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ છે અને તેઓના વિરૂદ્ધની નામદાર સેશન્સ અદાલતમાં કાર્યવાહીના બચાવ માટે તેઓ ખાનગી વકીલ રોકવા માંગે છે તેમ જણાવેલ છે .

(૩) ફરિયાદીની ફરિયાદ તથા તપાસના કાગળો જોતાં આરોપી સામે ગુન્હાની ઇન્સાફી કાર્યવાહી કરવાનો અધિકાર ફક્ત સેશન્સ અદાલતને જ છે. જેથી નિચે મુજબ હુકમ કરું છું.

**-- હુ ક મ --**

આ કામના **આરોપી સંજયભાઇ ઉર્ફે સચીનભાઇ ઓધવભાઇ શીયાળ** જાતે.કોળી, ઉ૧.૨૯, ધંધો.મજુરી, રહે. ઓરી વિંછીયા જી.રાજકોટનાઓ સામેનો કેસ ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા(બી.એન.એસ.એસ.) ૨૦૨૩ ની કલમ-૨૩૨ અન્વયે નામદાર ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ જજ સાહેબ શ્રી, મુકામ રાજકોટને કમિટ કરવાનો હુકમ કરવામાં આવે છે .

સદરહું કેસનું તમામ રેકર્ડ, મુદ્દામાલ વિગેરે નામદાર ડિસ્ટ્રિ કટ એન્ડ સેશન્સ કોર્ટ, રાજકોટ તરફ તાત્કાલિક વિના વિલંબે મોકલી આપવું.

સદરહું કેસ કમિટ કર્યાની જાણ જિલ્લા સરકારી વકિલશ્રી, રાજકોટને કરવી. આરોપીને મુદત તારીખઃ-૦૧/૦૪/૨૦૨૬ના રોજ નામદાર સેશન્સ કોર્ટમાં હાજર રહેવા માટે જાણ કરવામાં આવેલી છે .

**આજ રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહે ર કર્યો.**

**તારીખ-૧૧/૦૩/૨૦૨૬** **(એસ.એન.મોદી)**
**વીંછિયા** **જ્યુડિશ્યલ મેજિસ્ટ્રે ટ ફર્સ્ટ કલાસ**
**વીંછિયા**
**કોડ-જી.જે.૦૧૬૮૨**